# પરમચૈતન્યાનંદ

**(વચનામૃત ૧ થી ૨૬૨ માં "પરમચૈતન્યાનંદ" શબ્દનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે)**

**Contact: vadtaldhamvikas@gmail.com**

**1. ગઢડા પ્રથમ ૬૩** ( para.3)

પછી પરમચૈતન્યાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને કેવી જાતના ઘાટ થાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને પરિપક્વ નિશ્ચય હોય તેને તો મનમાં એમ રહે જે, 'મારે સર્વે પ્રાપ્તિ થઇ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે. અને આ સંત સર્વે તે નારદ, સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રૂર, વિદુર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે અને જે બાઈઓ હરિભક્ત છે, તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મી, પાર્વતી એવી છે અને હવે મારે કાંઈ કરવું રહ્યું નથી અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું.' એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે, એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો."

(કુલ: 1)